# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# STHAPANA DIN SUBHECCHA

આજે રાજ્યના 65મા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડ, પ્રધાનમંત્રી નરેદ્ર મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, નોંધપાત્ર સિદ્ધિઓ અને લોકોની જીવંત ભાવનાને યાદ કરી હતી. ગુજરાત ઉદ્યોગ-સાહસિકતા, અનુકૂલન અને સર્વસમાવેશક વિકાસના મૂલ્યો સાથે સદાય સમૃદ્ધ થતું રહે તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી..

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા સૌ ગુજરાતીઓને તથા ગુજરાતીઓ પ્રત્યે સ્નેહ-સન્માન રાખતા સૌ કોઈને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે.

(બાઇટ- રાજ્યપાલ આચાર્ય દેવવ્રત)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતની પ્રજાને પ્રગતિ અને સર્વાંગી વિકાસની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સહિયારા પુરુષાર્થથી અમૃતકાળમાં વિકસિત ગુજરાતનું નિર્માણ કરવાનો સંદેશ આપ્યો હતો..

જ્યારે ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવી અને કોંગ્રસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી..

.................................

# GUJ FOUNDATION DAY SCINECE CITY

ગુજરાતના 65મા સ્થાપના દિવસની ઉજવણી થઇ રહી છે. ત્યારે ગુજકોસ્ટએ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રો તેમજ રાજ્યની અન્ય વૈજ્ઞાનિક સંસ્થાઓના નેટવર્ક દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે..

વાઇબ્રન્ટ ગુજરાત પર સર્જનાત્મક સંદેશ અને વિચારો લખવાનો અને આ રચનાઓને સોશિયલ મીડિયા, સોશિયલ મીડિયા X પર આજે સવારે 10:30 થી બપોરે 12:30 દરમિયાન શેર કરીને તેની ઉજવણી કરાઇ હતી.. આ નવીનતમ અભિગમ દ્વારા ઉજવણીનો આશય નવી પેઢીને વધુ સર્જનાત્મક બનાવવાનો પણ રહ્યો છે.

.......

# PRIME MINISTER GUJARAT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે રાજ્યની મુલાકાત લઇને કુલ છ વિજય વિશ્વાસ સભામાં પક્ષના ઉમેદવારોના સમર્થનમાં સંબોધન કરશે.

પ્રદેશ ભાજપની મિડીયા વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આજે શ્રી મોદી બપોરે ડીસાના એરોડ્રોમ ગ્રાઉન્ડ ખાતે, ત્યાર પછી સાંજે હિંમતનગરમાં વિજય વિશ્વાસ સભામાં સંબોધન કરશે.

પ્રધાનમંત્રી શ્રી મોદી આવતીકાલે સવારે વલ્લભ વિદ્યાનગરમાં શાસ્ત્રી મેદાન ખાતે, બપોરે સુરેન્દ્રનગર-રાજકોટ માર્ગ ઉપર ત્રિમંદિર મેદાનની સામે, જૂનાગઢમાં કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે અને ત્યાર પછી સાંજે જામનગરમાં પ્રદર્શન મેદાન ખાતે યોજાનારી જાહેર સભાઓને સંબોધશે.

.................

## POSTAL MATDAN

રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓનું બેલેટ પેપર દ્વારા મતદાન ચાલી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે બેલેટ પેપરથી પોલીસ કર્મીઓનું મતદાન થઇ રહ્યું છે. જેમાં ૩ હજાર કરતાં વધુ પોલીસ કર્મીઓ મતદાન કરશે. આ સાથે લોકસભા ચૂંટણીમાં ૮૫ વર્ષથી વધુ વયના ૬ હજારથી વધુ સિનિયર સિટિઝન બેલેટથી મતદાન કરી રહ્યા છે.

દમણ અને દીવ લોકસભાની ચૂંટણી માટે 85 વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગોને મતદાન કર્મચારીઓએ તેમના ઘરે જઇને બેલેટથી મતદાન કરાવ્યું હતું. મતદાનના દિવસે ચૂંટણી ફરજ

પર આવશ્યક સેવાઓ પૂરી પાડતા લોકો માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં મતદાન સેવા કમ્પાર્ટમેન્ટ બનાવવામાં આવ્યું છે.

પંચમહાલમાં ગઇકાલે યોજાયેલા પોસ્ટલ બેલેટ મતદાનમાં અંદાજે 2700 જેટલા સરકારી કર્મચારીઓ માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

----------------

## GUJARAT CENTRAL UNI. PARISAMVAD

ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી અને મહામના માલવિયા મિશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં ત્રિપુરા સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને મહામના માલવિયા મિશનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રોફેસર ગંગા પ્રસાદ પરસાઇ, રણજિત કુમાર ઝા સહિત 150 વધુ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અધ્યક્ષીય પ્રવચન આપતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મૂળ ઉદ્દેશ્ય એ છે કે આપણા યુવાનો વૈશ્વિક નાગરિક બને પરંતુ તેમના મૂળ ભારતીયતામાં હોવા જોઈએ.

આ પ્રસંગે એજ્યુકેશન ફેકલ્ટીના ચેરમેન એચ.બી.પટેલે સેમીનારની રૂપરેખા આપી હતી.

--------------------

## GNR GAUNSEVA

જૂનિયર ક્લાર્કની મોકુફ રહેલી પરિક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે..

ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે આદર્શ આચારસંહિતાના કારણે ૨૦ એપ્રિલ થી પરીક્ષાઓ મોકુફ રાખી હતી. બાકી રહેલી પરીક્ષાઓ હવે મતદાન પછી ના દિવસોમાં લેવાશે.. હવે આ પરીક્ષા ૧૧,૧૩,૧૪,૧૬ અને ૧૭ મે ના રોજ લેવામાં આવશે..જ્યારે  આઠમીમે થી કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે.

પરીક્ષાર્થીઓને નજીકના પરિક્ષા કેન્દ્રો ફાળવવામાં આવશે, તેમ પણ સચિવે ઉમેર્યું હતું.. જ્યારે મતદાનના પછીના દિવસની ૮ અને ૯ મે ની પરિક્ષા યથાવત રહેશે.. અગાઉ બે લાખ ઉમેદવારો પરીક્ષા આપી ચૂક્યા હતા.  હવે પછી બે લાખથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.. તેમણે પરીક્ષાર્થીઓને ઓળખ પત્ર  સાથે લઇ જવા અપીલ કરી હતી.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Youtube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................